સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

સલામી સવારની..

હેલીકોપ્ટરમાં થઇ અવગણના એવા તાલ થાશે!
અને મુંબઇમાં થયા ભૈયાજીઓના, એવા હાલ થાશે!
બેહાલ થાશે ગુજરાતીઓ આખાય ભારતમાં જોજો!
તમારી સંકુચિત દૃષ્ટિથી કાળી આવતી-કાલ થાશે!
(ગુજરાતીઓનો કેમ્પ-બચાવવા ગયા'તા
એકેય 'એરપોર્ટ'ન મળ્યું!)

હાઈકુ

આરટીઆઇ,
લોકપાલ ની બિલ્લી -
કરે છે મ્યાંઉ!!
(મેરી બિલ્લી-મુજ કો જ)

મનરેગામાં
ખાવ મન મૂકીને -
ક્ષેત્ર-બોડીનું..
(ખેડબ્રહ્મામાં ખેતી)

ચિંતન

સંવર્ધિતો અપિ ભુજંગઃ પયશા વશ્યસ્તત્યાલકાનપિ નિહન્તિ બલેન સિંહઃ ।
દુષ્ટઃ પરૈરૂપકૃત સ્તદ નિષ્ટ કારી વિશ્વાસ લેશ ઇહ નૈવ બુધૈર્વિધેય : ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'દુર્જન નિંદા'નો આ શ્લોક છે :

'દૂધ પાઇને પણ ઉછેરેલો સાપ પણ મદારીને વશ રહેતો નથી, સિંહ પણ તેને પાલનપોષણ કરનાર (રીંગ માસ્ટર)ને પણ ક્યારેક બળાત્કારે-ગુસ્સો કરી મારી પણ નાખે છે. એ રીતે દુષ્ટજન બીજાઓના ઉપકાર નીચે આવ્યો હોવા છતાં તેમનું ખરાબ કરે છે અર્થાત ઉપકારનો બદલો અપકાર કરીને જ આપે છે, માટે બુદ્ધિમાન લોકોએ આવા દુષ્ટો પણ જરા પણ વિશ્વાસ મૂકવો નહીં.'

જે દુષ્ટ-દુર્જન-નીચ છે તે કદાપિ પોતાનો સ્વભાવ છોડતો નથી એના પર ગમે તેટલા ઉપકાર ચઢાવવામાં આવે તેનું હિત કરી કંઇક સારૂં કર્યું હોય છતાં તે આભારવશ થયા વિના ઉપકાર કરનારનો અપકાર કરીને જ નિરાંત ભોગવે છે.

અહીં સર્પનું ઉદાહરણ આપ્યું છે તેને દૂધ પાઇને ઉછેરનારને પણ એ દંશ આપે જ છે. સિંહ ને સદાય પંપાળતો-સ્નાન કરાવતા-ખવડાવતો-પીવડાવતો રીંગ માસ્ટર જ કદી સિંહના ક્રોધનો ભોગ બની જાય ત્યારે સિંહ એનો જ કોળિયો કરી જાય છે.

સુવિચાર

- શંકાગ્રસ્ત ચતુર કરતાં નિઃશંક મૂર્ખ વધારે સારો કારણ કે એ પોતાના નિર્ણયને સ્વસ્થતાથી વળગી રહે છે - પંચતંત્ર
- પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જતો સંદેશાવાહક- હિતોપદેશ
- પોતાનું કામ સંપૂર્ણ નિષ્ઠા અને નીતિથી કરવું તે પણ એક જાતની પ્રભુને પ્રાર્થના જ છે - સંત ફ્રાન્સિસ
- ખીલવા ન દે તે ભય અને કરમાવા ન દે તે પ્રેમ - ધૂમકેતુ
- પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભક્તિનું પ્રતિક છે, ભક્તિ સામે જ્ઞાનને માથું ઝુકાવવું જ રહ્યું - મોરારી બાપુ
- રાજ કરવાનો અધિકાર તેને જ છે જે પ્રેમ કરે છે - શરતચંદ્ર

બોધ કથા

યાત્રા-પ્રવાસમાં ગમે તેટલું ખર્ચ કરો છતાં ઘર જેવી રસોઇ-સુવિધા ભાગ્યે જ મળે પણ ગુજરાતીઓનાં શ્રદ્ધા-આસ્થાની ખૂમારી કપરી યાત્રાઓને સરળ કરી સહન કરી આત્મ સંતોષ અનુભવે છે. કપરી પરિસ્થિતિ-મુશ્કેલીઓને પણ 'શ્રદ્ધા'થી ભગવાનની 'કસોટી' તરીકે સ્વીકારે છે; અને પ્રસન્નતા અનુભવે છે.

૧૯૬૨માં તાપી નદીમાં પૂરા આવ્યાં. સૂરત શહેરમાં દસ-દસ ફૂટ પાણી ભરાયા. દરેક ઘરના નીચલા માળે પાણી જ હતાં. દરેક ઘરમાં નદીનાં કાદવ-માટીના ઢગ છવાઇ ગયા હતા.

સેવકો-કાર્યકરો-સ્વૈચ્છિક સંસ્થાઓ લોકોની મદદે આવી - કાદવ-માટી ઉલેચવામાં સહાયભૂત થવા લાગ્યાં.

એક ઘરમાં રસોડું-તમામ વાસણ-અનાજ-ગાદલાં-ગોદડાં તમામ કાદવ-માટીથી ખરડાઇ ગયાં હતાં. ઘર માલિક પણ પોતાનાથી થાય એવી સફાઇ-નિર્લેપભાવે કરતાં હતા.

સેવક આગેવાન કાર્યકરે એને દિલાસો આપવા કહ્યું, 'બહુ ખોટું થયું.' સુરતી લાલા મકાન માલિકે તરત સ્મિત સાથે જવાબ આપ્યો - એ શું બોલ્યા, ભાઇ! તાપી માતા આજે અમારે ઘરે પધાર્યાં - આમ તો દર ચોમાસે પૂર આવે ત્યારે અમે દર્શન કરવા જઇએ પણ આ વખતે તો તાપી જાતે જ પધાર્યા - એ તાપી માતાની કૃપા જ કહેવાય ને? સુરતી લાલાની ખૂમારીને વંદન કર્યાં.

E-mail : sureshchandrabhatt18@gmail.com

દીકરાને બહાર મોકલ્યે એક વર્ષ વીતી ગયું, આ સમય તેના માટે એક પહાડ સમાન વિત્યો હતો, પણ સાથે આશ્વાસન પણ હતું કે દીકરાનું પરિણામ સારૂં આવ્યું હતું

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

રહી રહીને એક શૂળ જાણે કે મનમાં ભોંકાતી હતી. પહેલીવાર ઉમાથી તે ઉલગ થયો હતો. જાણે કાળજાનો કટકો વિખુટો પડ્યો હતો.

રૂદ્રને વડોદરા ઈન્ટરવ્યુ આપવા જવાનું હતું. બારમાં ધોરણનો અભ્યાસ પુરો કર્યાં પછી તેની પાસે આ એક જ વિકલ્પ હતો. તેની તૈયારીને કેટલાય દિવસો પહેલાંથી કરતો હતો. માહિતી મેળવવા પ્રવેશફોર્મ મંગાવીને ભરવું અને મોકલવું આ બધી ગડમથલ પછી રૂદ્રને એડમીશન મળી જાય અને એ એન્જીનીયર બની જાય તો ભયો ભયો.

રૂદ્રના જન્મની સાથે જ ઓમ અને ઉમાનું આ એક સહિયારૂં સપનું હતું. દિકરો મોટો થયો તેમ તેમ તેમનું આ સપનું પણ ફૂલતું ફાલતું વિકસતું રહ્યું. 'તેમનો દીકરો એન્જીનીયર થશે.'

આજે જયારે એ ઘડી સામે આવી ત્યારે બંનેના હૃદયમાં ગભરામણ થતી હતી. જો કે ઓમને ભરોસો હતો કે 'બસ એક રાતની મુસાફરીનો ફક્ત સવાલ છે.' વડોદરા ક્યાં દૂર છે. ગમે ત્યારે જઈને મળી શકાશે. અથવા દીકરીની ઈચ્છા થશે ત્યારે મળવા આવી જશે... અને વળી તે સાથે જાય તો છે જ.

પણ માં...? માં ના મનને કોણ સમજાવે? તેમનું મન માનતું નથી. કોણ જાણે ક્યાં રહેશે? શું ખાશે? ક્યારેય તેણે હાથે ચ્હા બનાવીને પણ પીધી નથી. હંમેશા ચ્હાનો કપ તેની સામે એ ધરતી હતી. તેની ચિંતા ફક્ત એટલી જ નહોતી. પણ આજ ના જમાનાનો માહોલ જોઇ તે વધી ગઇ હતી. તેથી તે ઓમને કહેવા લાગી. 'સાંભળ્યું છે કે હોસ્ટેલમાં રેગિંગ ને એવું બધું... આપણે તો રૂદ્ર માટે એક રૂમ જ ભાડે રાખી લેજો. ભલે ખર્ચો વધારે આવે. તેનો વાંધો નહીં...'

'સવારથી આ બધું તે મને કેટલીવાર કહ્યું છે? તું મારા પર વિશ્વાસ રાખ. અરે હું પણ તેનો બાપ છું. શું કરવું એ મને ખબર પડે છે.' ઓમ ચીડાઈને બોલ્યો. પણ ઉમાને તેનું જરાય ખોટું ન લાગ્યું. બીજી કોઇ બાબત હોત તો આટલું એ સાંભળી લે ખરી?

પણ આ મનનું શું કરવું? તેમાં દીકરાથી વિખૂટા પડવાની પીડા જ માત્ર નહોતી. અનેક સારા ખોટાં વિચારો કેટલાક દિવસથી આવતા હતા. જે મનને વિચલિત કરતા હતા. ક્યાંક એ મોટો થઇ જશે તો? કોઇ મિત્રતાના નામે તેને છેતરી જશે તો? બહુ ભોળો છે મારો દીકરો બબલુ... અને વળી કૉલેજના સિનિયર છોકરાઓની તો વાત જ ન પુછો, રેગિંગના નામે થતી હેરાનગતિ, જોર જબરજસ્તી કેવું કેવું સાંભળવામાં આવે છે. ક્યારેક કપડાં ઉતરાવે તો ક્યારેક દોડાવે કે મારે પણ ખરાં રેગિંગ ને નામે થતી ગુંડાગીરીમાં ઘણાં છોકરાઓ એ જીવ ખોયા છે. પેલા ભુપેન્દ્રભાઈનો દીકરો...

ઉમાનું હૃદય ફફડી ઉઠ્યું. પગમાં જાણે કે હિંમત જ ન રહી. ત્યારે હવે દીકરાને શું આશ્વાસન આપે. તેની હાલત જોઈને ઓમે પ્રેમથી કહ્યું. 'ઉમા હિંમત રાખ, દીકરાને બહાર તો મોકલવો જ પડશે. કંઇ એકલો તારો દીકરો જ બહાર ભણવા જાય છે એવું તો છે નહીં.' એટલું સાંભળતાં જ તેના ગાલ પર અશ્રુ ધારા વહેલા લાગી. 'ઓહ તને સમજાવવાનું મુશ્કેલ છે.' કહેતાં ઓમે સુટકેશ અને બેગ ઉપાડી લીધા અને દીકરાને ઇશારો કર્યા 'ચાલ રીક્ષામાં બેસી જા.'

ઉમા એ આગળ આવી દીકરાને બથ ભરી લીધી. 'પહોંચીને તરત ફોન કરજે...' અને તે એકદમ રડી પડી. તે આખો દિવસ ઉમાની બેચેનીમાં વિત્યો હતો. ન કંઇ ખાવાની ઈચ્છા થઇ કે ન કંઇ બનાવવાની. ઘરમાં દીકરી ન હોત તો કદાચ એ પોતાના માટે કંઇ ન કરત.

'મમ્મી આને દાણા નાખી દઉં?' દીકરીના અવાજે તેનું ધ્યાનભંગ થયું. તે માછલીઓને દાણા નાંખવાનું પુછતી હતી. ફીશ એકવેરીયમમાં રંગબેરંગી માછળીઓ આમતેમ તરતી હતી.

રૂદ્ર તેના પપ્પાની સાથે જઈને લઇ આવ્યો હતો. તેના પપ્પાએ વચન આપેલું કે બારમાં ધોરણમાં સારા ટકા આવશે તો તેને એકવેરિયમ લઇ આપીશ. મમ્મીની ઈચ્છા વિરૂદ્ધ બાપ દીકરો એ લઇ આવેલા. 'અરે ભઈ તમે તો લઇ આવો છો પણ પછી તેની દેખરેખ ને સંભાળ તો મારે જ રાખવી પડે છે. તું જતો રહીશ ભણળા ને તારા પપ્પા જશે ઓફીસે. પછી આનું ધ્યાન તો મારે જ રાખવું પડશે. ખબર નહીં આને પ્રાણીઓ પાળવાનો શોખ ક્યાંથી જાગ્યો છે. ક્યારેક ગલુડીયું લઇ આવે છે. તો ક્યારેક પોપટ, બધાંની સેવા તો મારે જ કરવી પડે છે. પ્રાણીઓને સાચવું કે માણસોને? હવે વળી આ માછલીઓ લઇ આવ્યો મારો જીવ ખપાવવા.' ઉમા કોણ જાણે કેટલીયે વાર સુધી આ માછલીઓ માટે ગુસ્સામાં બબડતી કહેતી.

પણ આજે એક પણ શબ્દ ન બોલી. પોતાના માટે ભલે ઉભી ન થાય પણ માછલીઓ માટે ઊભી થઇ દાણા નાંખ્યા. કૃત્રિમ છોડ, શંખ-છીપલાં, કાંકરા ને પથરાનાં પરિવેશમાં તરતી લાલ, લીલી, પીળી માછલીઓ મસ્તી કરતી હતી. કાચના આ કૃત્રિમ સરોવરના તેના કૃત્રિમ સંસારમાં. ઘણીવાર સુધી ઉમા દાણા નાખીને પછી પ્રેમપૂર્વક તેને જોતી હતી. જાણે કે એકવેરિયમમાં માછલીઓની જગ્યા એ જાણે કે બબલુ અને તેના મિત્રો હોય તેમ. પછી સંતોષ અને તૃપ્તિના ભાવ સાથે મન મનાવ્યું. રાત વધવા લાગતાં તેને નીંદર આવવા લાગી.

એ લોકો પહોંચી ગયા હશે. સવારે એ ભાવ સાથે જ તેની આંખ ઉઘડેલી. 'ઓમને કેટલું કીધેલું કે પહોંચી ને ફોન કરજો. પણ ના, મારૂં તો સાંભળે છે જ કોણ. તેમને માં ના દિલમાં શું વિતે તેની ક્યાંથી ખબર પડે. આખો દિવસ કેવો બેચેનીમાં મેં વિતાવ્યો. ત્યારે સાંજે ચાર વાગ્યે ફોન આવ્યો કે 'બબલુનો ઈન્ટરવ્યુ સારો ગયો છે. ઈન્ટરવ્યુ તો ઠીક મારા ભઈ, એક કહેવા પુરતી ઔપચારિકતા જ સમજો ને. હા તેમાં ખાસ તો વિષયો નક્કી કરવાના હતા. દીકરાને ઇલેક્ટ્રોનિક વિષય પસંદ હતો. તેમાં બહુ મુશ્કેલી હતી. મેં તો ઘણું કહેલું કે સીવીલ લઈ લે. સીવીલ ઘણી સારી લાઈન છે. પણ તારા દીકરાને તો ઈલેક્ટ્રોનીક જ લેવું. હતું. આજકાલના છોકરાનું સપનું વિદેશ જઇ નોકરી અને પૈસા કમાવાનું હોય છે. હું તો કહું છું કે સીવીલમાં પણ કમાણી ક્યાં ઓછી છે? વળી સરકારી નોકરી પણ મળી જાય. પણ તારા દીકરાએ મારી વાત કાને જ ન ધરી. તેણે તો પોતે મનમાં ધારેલું એ જ કર્યું. વળી તેના મિત્રોએ પણ એ જ વિષય લીધા છે.''

ઓમે ઊભરો ઠાલવી લીધા પછી જરાક તેનો શ્વાસ હેઠો બેઠો એટલે ઉમાને પુછવાનો મોકો મળી ગયો. 'તમે રહેવાની શું વ્યવસ્થા કરી?'

'ચાર મિત્રોએ ભેગા થઇ એક રૂમ રાખી છે. તે બધા સાથે આવજા કરશે. તેમાંથી એક તો કૂલમાં તેની સાથે ભણતો હતો. તે ઓળખીતો જ છે. તારી એવી જ ઈચ્છા હતી ને?'

'હાં ભઈ હાં... સારૂં કર્યું કે તેને હોસ્ટેલ કરતાં આવી રીતે રૂમ મળી ગઇ. હવે બીજું સાંભળો. આવવાની બહુ ઉતાવળ ન કરતા. તેને ખાવા પીવાની વ્યવસ્થા પણ કરતા આવજો. બેડીંગ અને બીજી ચીજવસ્તુઓ જોઇએ તે પણ લઇ આપજો. ભલે ઓફીસમાં બે દિવસની રજા લેવી પડે. પૈસે ટકે વિચાર કરવા ન બેસતા. ચિંતા ન કરતી ઘરમાં મુશ્કેલી પડશે તો ચલાવી લઈશું. આપણા ખર્ચામાં થોડો કાપ મુકીશું. પણ દીકરાને...' તે હજુ બોલતી હતી. પણ એસ.ટી.ડી. કોલની ત્રણ મિનિટ પુરી થતાં ડીસકનેક્ટ ન થયો હોય તો તેની વાત હજુ ચાલુ રહેત. તેને કંઇક સંતોષ થયો હતો.

અઠવાડિયા સુધી તો રૂદ્રને ફાવતું નહોતું. નવું શહેર, નવી કૉલેજ, નવા મિત્રો... પોતાનું ઘર... મૂળમાંથી ઉખડી પડ્યાનું દુઃખ એ બધું એસ.ટી.ડી. પર જઈને ફોન કરી દેતો. 'મમ્મા અહીં મન લાગતું નથી. તમે બધાં બહુ જ યાદ આવો છો. આજે ખાવાનું બનાવવાવાળી પણ આવી નથી. બીજા છોકરાઓ મને કહે છે કે તને તો કંઇ બનાવતાં આવડતું જ નથી. મેલાં કપડાંનો ઢગલો થઇ ગયો છે. તું કહેતી હોય તો રજા લઇને આવી જાઉં?' મારાથી આ બધું સરખી રીતે મેનેજ થતું નથી.

'ના..ના.. ગાપચી મારવાની નથી. એવું થતું હશે તારો આ એન્જીનીયરિંગનો અભ્યાસ છે. કંઇ હસી મજાકની રમત નથી.' વચ્ચે તેના હાથમાંથી ફોન લઈને ઓમે તેને ટોક્યો હતો.

'બેટા ધીમે ધીમે ફાવી જશે. તેના ફોન હવે બે-ત્રણ દિવસે અને ક્યારેક અઠવાડિયે આવવા લાગ્યા. ઉમા પણ ધીરે ધીરે ટેવાઇ ગઇ હતી. પણ એકવેરિયમમાં માછલીઓને દાણા નાખતાં. તેને દીકરાની થાપણ છે. તેને આ ખુબ સારી રીતે સાચવશે. જયારે માછલીઓ એકવેરિયમમાં ભાંગભાગ કરતી ત્યારે તેને જોતાં તેને પોતાના દીકરાની ધિંગામસ્તી યાદ આવી જતી હતી. હવે તો સ્થિતિ એવી આવી ગઇ હતી કે એ તેમની સાથે વાતો કરતી. આ એકવેરિયમના માછલીઓ સાથે તેના હૃદયના તાણાવાણાં ગુંથાઇ ગયા હતા.'

દીકરાને બહાર મોકલ્યે એક વર્ષ વીતી ગયું. આ સમય તેના માટે એક પહાડ સમાન વિત્યો હતો. પણ સાથે આશ્વાસન પણ હતું કે દીકરાનું પરિણામ સારૂં આવ્યું હતું. પછી તો એક ને પછી બીજું, ત્રીજું એમ ચાર વર્ષ વીતી જતાં તે એ વાતે રાજી થતી હતી કે દીકરો પાછો આવી જશે. પણ એ તેની ભ્રાંતિ હતી, દીકરાને હવે પાંખો આવી ગઇ હતી. તે ઉડતાં શીખી ગતો હતો. વિદેશ જવા માંગતો હતો. ખુબ કમાવા ઈચ્છતો હતો. પણ એવું થયું નહીં. માણસ જે વિચારે એવું હંમેશા થતું નથી. ક્યારેક નિયતિ કંઇક જુદું જ કરે છે. આમાં સમયનું ચક્ર ખુબ ઝડપથી ફર્યું. પિતાનું કસમય મોત કુટુંબ માટે વજ્રપાત સમાન નિવડ્યું. દીકરાને વિદેશનો વિચાર છોડીને દેશમાં જ કામ શોધવું પડ્યું. પિતાને ગુમાવતાં દીકરાના નાજુક ખભા પર ઘરનો બોજ તે સાથે માં અને બહેનની સાર સંભાળની જવાબદારી આવી ગઇ.

એ ત્યાં શહેરમાં જ રહેવા લાગ્યો. ત્યાં તેણે એક ફર્મમાં નોકરી માટે અરજી કરી. કામ મળી ગયું. દીકરો બહાર જઈ ન શક્યો અને ઓછા પગારમાં કામ કરવાનું દીકરાનું દુઃખ ઉમાને પણ ચાલતું હતું. 'આજે તારા પપ્પા હોય તો...'

(અનુસંધાન પાના નં. ૬ પર)

નિરાધાર પરિવાર..!! માથેથી મજબૂત આધાર ખસતાં ટપકતાં આંસુ..!!

કદી લૂંછાય છે હાથે કદી પાલવ થકી એ તો, અચાનક વેદનાની ખબરનાં અશ્રુ જોયાં છે?
કદી કંપી ઉઠેલી આંખથી ટપકે છે ઝળઝળિયાં, ગમથી ધડકતાં અધરનાં અશ્રુ જોયાં છે?

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

અચાનક અણધારી વિદાય લઈ ગયેલાં બબ્બે પુત્રીઓનાં પિતાના પત્નીનો લાગણી નીતરતો પત્ર, કેદારનાથનાં કાળમાં હોમાઈ તીતરબીતર થઈ ગયેલાં પરિવારનાં રક્તભીનાં ટપકતાં અશ્રુઓને વેદનાંને વાચા આપી એમને સાંત્વનાં આપવાનો એક નમ્ર પ્રયાસ...

પ્રિય મધુકર,

કેમ છો? હવે નવી જગ્યાએ ફાવી ગયું કે નહીં? આમ તો નકાર કરવાનો તમારો સ્વભાવ જ નથી... મને અહીંયા જરાય ગમતું નથી, એકદમ બોર થઈ ગયો છું, એવી વાતો તમે ક્યારેય કરી નથી. કોઈ ગમે તેવું વર્તે તોય એમની સાથે તાલ મેળવી લેવાનો તમારો સ્વભાવ સૌમાં પ્રિય થઈ પડેલો, અને એટલે જ નાનાં બાળકોથી સિનિયર સિટીઝન અને ઓફિસ બૉયથી તમારાં વાંચકો બધાંમાં તમે પ્રિય હતાં. 'હતા' એવું લખતાં કદાચ કાળવાચક શબ્દમાં ભૂલ તો થઈ ગઈ નથી ને? એવું એક ક્ષણ મને લાગ્યું જ ખરૂં, પણ વ્યાકરણનો કાળ કદાચ બરોબર હશે પણ કાળચક્રનો એ કાળ નક્કી જ ખોટો હતો.. એવું મને હજીયે સતત લાગ્યાં કરે છે.

'તમારા સિવાયની મારી અલગ જિંદગી નથી.' એવું કહેનારા તમે અચાનક જ કેમ કોઈ કાળ, સમય, ચોઘડીયું જોયાં વગર ચાલ્યાં ગયાં? સાચું કહું તો કાંઈ ન કહેવાની, સંતાડીને કરવાનો તમારો સ્વભાવ જ નહોતો, સતત કહેવાનું, પુછવાનું, સાંભળવાનું, સંભળાવવાનું એ જ તો આપણું જીવન હતું ને? હવે તો માત્ર જીવન જ રહી ગયું છે, એવું તમને કઈ રીતે અને ક્યારેક કહું, મારૂં સર્વસ્વ તમારા સુધી શબ્દ વિના સંવાદી પણ શકાતું નથી...



તમારી એક વસ્તુ બહુ સારી છે. તમને નવી નવી વસ્તુઓ શીખવી ખુબ ગમે છે. તમને નવાં માણસો સાથે ઓળખાણ કરતાં જરાય વાર લાગતી નથી. અને એથી તમારી નવી દુનિયામાં હવે તમારી ઓળખાણોય થઈ ગઈ હશે. ગઝલ ગાયક મહેંદી હસન પણ મળ્યાં હશે નહીં? એટલે તમે શોધી જ કાઢ્યાં હશે. તમે કોઈનું એડ્રેસ શોધવું અને એ પણ પુછ્યા વગર, એમાં તો માસ્ટર હતાં, એટલે શોધવું. નવા રસ્તા કાઢવાં તમને ગમતું, મહેંદી હસનને એમની ગઝલોનાં નામ યાદ કરાવી તમે એકાદી ગઝલ સાંભળી લીધી હશે, નહીં? તમારો કાંઈ ભરોસો નહીં, જગજીતસિંહ સાથે તો મતારી મહેફિલ જ જામી હશે, એમનાં તો ગીતો, ભજનો બધું જ તમને કંઠસ્થ હતું...

દેવાનંદ, ગોલ્ડી, રાજેશ ખન્ના, બધાંને તમે 'યે જવાની હે દિવાની'ના રિવ્યુ અને જીયાખાનમાં મૃત્યુની વાતો કરી જ હશે? બાય ધ વે પેલી જીયા મળી કે નહીં? તમારી અવલોકન શક્તિનાં જોર પર ગાંધીજીને ગાંધીનગરની આજ ઔર કલ કિધી જ હશે. એમને પેલાં મહાત્મા મંદિરની બધી વિગતો આપજો હોં?

કેવી મજા હોય છે નહીં? હવે અત્યાર સુધી કોઈ મોટી વ્યક્તિનું નિધન સાથે એટલે રાજકીય લોકોનાં બીબાં ઢાળ પ્રતિક્રિયા તૈયાર જ હોય, 'અમુક તમુક માણસનાં જવાથી બહુ મોટો ખાલીપો નિર્માણ થયો છે.' આપણે આવા સમાચાર સાંભળતાં, વાંચતા અને હસતાં. અરે, આવાં કેટલાં ખાલીપાઓ ઉભા કરવાનાં છો તમે? ફલાણાંના જવાથી સર્જાયેલો ખાલીપોના ચિંતાઓને આપણે મજાકમાં કહેતાંય ખરાં ખાલીપા સર્જાય જ છે ભરાવા માટે... પણ સાચ્ચે જ તમારી જિંદગીમાં તમારા સિવાય એક મોટો ખાલીપો સર્જાઈ ગયો છે અને હવે એ વાત પર હસવું ય આવતું નથી. અને જે હસીએ છીએ એ ઓશિયાળું જ હોય છે...

૧૬મી જૂનને ફાધર્સ ડેના દિવસે સવારે પાંચ વાગ્યા સુધી તો તમારી છેલ્લી ક્ષણ સુધી તમારૂં, મારૂં અને આપણી બંને દીકરીઓની એક જ દુનિયા હતી. તમારૂં વાંચન-લખાણ, રસોઈ-સિવણ કામ બંનેને એકબીજાની ગમતી અથવા તો એકબીજાને જરાય ન ગમતી અનેક વાતો આપણને એકબીજાને ખબર જ હતી... ગીત, સંગીત, વાચન, ફરવું, ખાવું કે વરસતાં વરસાદમાં છબછબીયાં કરવાં આપણાં ચારેયની ચોકડી જામી હતી, બધું એકબીજા સાથે એકદમ હળીમળી ગયું હતું. બધું એકબીજા સાથે એકદમ હળીમળી ગયું હતું. ચોમાસાનાં ઈન્દ્રધનુષ જેવું, ક્યારેક એકબીજાને ચોંટેલું તો ક્યારેક અલગ-અલગ કલરવાળું લાગતું, એટલે કે આપણું હોવું જ મહત્ત્વનું હતું, લાગવું બહું મહત્ત્વનું નહોતું...

તમને ઘર જેટલી જ ઓફિસ પણ પ્રિય હતી નહીં? મને પાક્કું યાદ છે છેલ્લા ચાર મહિનાથી તમે ત્યાં બર્થ-ડે સેલિબ્રેશન ધામધૂમથી ઉજવતા અને એમાં અવનવી ટ્રેનિંક આયોજીત કરતાં... મને ખબર છે તમને યંગ જનરેશનમાં ખુબ રસ હતો અને એટલે જ એમનાં માટે લખતાં, ડિમાન્ટ કરેલા વિષય પર લખવાનો તમારી મહેનત અને આવડત સૌને ગમતી, તમે નરેન્દ્ર મોદી વિશે લખેલી કવિતા અને એ બાદ આવેલો એનો શુભેચ્છાનો ફોન કેટલો રોમાંચક હતો ને તમારે માટે?

તમારી ગુજરાતી ભાષા પરની પકડ અને સહજ બોલીમાં વપરાતી ભાષાને લેખમાં વાપરી ગુજરાતી પ્રિય કરવાનો તમને શોખ હતો, નાની ઘટનાઓને સહજ-સરળ રીતે વાર્તાના પ્લોટમાં રજૂ કરવાની ગુજરાતી ટકશે માત્ર અઘરી અલંકારિક ભાષાથી લોકો વિમુખ થશે એવું તમે કાયમ કહેતા અને એટલે જ યુવાનોને તમારાં લેખ ગમતા... એક અન્ય ભાષાની વ્યક્તિ ગુજરાતીમાં આટલું નામ કમાવી શકે એનો તમને ગર્વ હતો... એન્ગેજમેન્ટ દરમિયાન તમે મને લખેલાં પ્રેમપત્રો એ મારી મોંઘી મૂડી છે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

જેવા છીએ તેવા દેખાઇએ ત્યારે જ કહેવાય વાણી વર્તનનો મેળ!

પારિજાત

- રેખા ભટ્ટ

આપણે ક્યાં કશ ખરીદવું છે કે રંજ હો,
આપણી પાસેનાં સિક્કા છો બધા ખોટા હતા
- રઇશ મનીઆર

આપણે શોકેસને જાત જાતની વસ્તુઓથી શણગારીએ છીએ. એનાથી મહેમાનને ઘરમાં પેસતાવેંત સારૂં લાગે છે. આપણી સૌંદર્ય દૃષ્ટિ જણાઇ આવે છે અને વટ્ પડે છે. ઘરની શોભા વધે છે.

જેમ કે અમારા શોકેસમાં સરસ મજાના પિત્તળના હાથી-ગાય-ઘોડો-ઊંટ મૂકેલા છે. જોતાવેંત એમને હાથમાં લઇ ઊંચકવાનું મન થઇ જાય. બાળકો તો ખાસ હરખાઇ ઊઠે અને રમવા માટે માગણી કરે પણ આપણાથી એમ રમવા માટે અપાય નહીં. કેમ કે એ રમકડાં એટલાં બધાં વજનદાર છે કે ભૂલથી હાથ-પગ પર પડી જાય તો ખરેખર ઘોડા પરથી પડ્યા હોય એટલું બધું વાગે.

પછી એક વાંસની સળીઓથી બનાવેલું સરસ મજાનું જહાજ છે. સઢ-લંગર-સહિત શણગારેલું - પણ એને બહાર કાઢીને પાણીમાં મુકીએ તો? દરિયો પાર કરવાની વાત જવા દો પણ એ વહાણ પોતે એક ડોલ ભરેલા પાણીમાં ડૂબી જાય. અને વગર તોફાને ડાંળાં-પાખડાં છૂટા પડી જાય.

એક સરસ મજાના પિત્તળનાં પાંજરામાં રૂપાળો પોપટી રંગનો પોપટ છે. લાલ રંગની ચાંચ-કાળો કાંઠલો - આપણને લાગે જ સાચુકલો. જાણે હમણાં બોલી ઊઠશે 'રામ રામ' પણ એક દિવસ સાફસફા કરતાં થોડાં પાણીનાં છાંટા એ પોપટ પર પડ્યા અને એ પોપટ મિનિટોમાં વિખરાઇ ગયો. કેમ કે એ માટીનો બનેલો હતો.

આપણને થાય - એમાં શું, એ તો એમ જ હોય ને? એ તો શો-કેસમાં રમકડાં છે - શોભા માટેનાં! એ થોડાં સાચાં છે? એ તો સારૂં દેખાય એટલે ગોઠવ્યાં છે. અદ્દલ અસલી જેવાં દેખાય પણ મૂળે તો ઘાસ કે માટીની બનાવટને! એનું આયુષ્ય કેટલું? એ ટકે ખરાં?

વાત તો સાચી! પણ ત્યારે ઘણીવાર એવું યે નથી બનતું કે સારાં-સારાં વાક્યો, નીતિવાક્યો, ધર્મને લગતી કંડિકાઓ, સરસ મજાની કાવ્યપંક્તિઓ - કહેવતો - બોધ આપતાં ટૂંકા વાક્યો - આ બધું યે પેલાં શો-કેસનાં રમકડાં જેવું જ છે?

કે જેના માટે ક્લાત્મક ડાયરી. વસાવીએ - અંદર સરસ મજાનાં વાક્યો લખીએ - લાલ-લીલી પેનથી અંડરલાઇન કરીએ - આ સુવાક્યો લખવા માટેની પેન પણ ક્લાત્મક કોતરણી વાળી હોય - બુકમાર્ક તરીકે સરસ મજાનું મોરપીછ મુકેલું હોય -

આ હા હા... એ ડાયરી જોતાવેંત આપણી ઉચ્ચ ક્લાદૃષ્ટિ દેખાઇ આવે - અને એમાંથી વીણી - ચૂંટીને ગોઠવેલી પંક્તિઓ - સુવાક્યો વાંચીને તો વાંચનાર ગદ્‌ગદ્ બની જાય. અને અહોભાવથી લગભગ ઊભો થઇ જાય - પણ ખરેખર એમાંથી એકાદુ વાક્ય પણ આપણો જીવનમંત્ર બનાવી અમલમાં મુકવું હોય તો?

અરે, હોતું હશે? - આમાં યે 'પેલું શો-કેસ જેવું જ' - એ તો લખવાનાં વાક્યો - અમલમાં મુકાય? ના ... ભઇ... ના... જેમ કે, ...

- પગલૂછણિયા પર "Wel-come" લખ્યું હોય - બારણાં પર ભલે પધાર્યા - ચોંટાડ્યું હોય - અને હરખાઇને બેલ વગાડીએ એટલે બારણું ખૂલે અને તરત જવાબ મળે...' એ તો બહારગામ ગયા છે, ક્યારે આવશે નક્કી નથી.' તો યે તમે હિંમત કરીને સોફા પર ગોઠવાઓ તો તરત જ ઉલટ તપાસ લેતા હોય તેમ.

પ્રશ્ન - શું લેશો? ચા કે કોફી? તમે મનમાં કે જોરથી બોલી ઊઠો... 'વિદાય લઇશું.'

- 'હું માનવી માનવ થાઉં તો ઘણું' નોટમાં લખનારને ઘર-ઓફિસ - કે પડોશમાં કોઇની સાથે ના બનતું હોય.

- જગની સર્વ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી - ગણગણતા હોય તેમનાં ઘરમાં જ એટલા ઝઘડા હોય કે સૌ ત્રાસી ગયાં હોય.

- 'દાન એ ગૃહસ્થીની શોભા છે' લખ્યું હોય પણ ભિખારીને આંગણે ટકવા ના દે અને 'આગળ જાઓ' કહી દે. (એટલે એમ કે અમે તો ક્શું નહીં આપીએ પણ બાજુવાળા આપે એવા છે.)

- મિત્રો ઢાલ જેવા હોય છે જે દુઃખમાં આગળ અને સુખમાં પાછળ રહે છે - બને છે એનાથી ઊંધું - મિત્રો સુખમાં - (ચા પીવામાં - દાળવડાં ઝાપટવામાં સાથે હોય છે - બીલ ચૂકવતી વખતે પાછળ હોય છે.)

- 'ટોપલીમાં તેજ લઇ નીકળી પડો પાણીની વચ્ચેથી રસ્તા થઇ જશે' - એવું ડાયરીમાં રૂપાળા અક્ષરે લખનાર બદ્યાથી બીતો ફરતો હોય - પોતે જ નિસ્તેજ હોય - એને પોતાને કોઇ રસ્તો સૂઝતો ન હોય...

- સરસ સંવેદના વાળું કાવ્ય વાંચીએ - કવિની સંવેદનશીલતા માટે માન થાય અને ભોગે-જોગે એ કવિને રૂબરૂ મળવાનું થાય તો એવું પણ બને કે કવિશ્રી ઉદ્ધત લાગે - ત્યારે આપણને પ્રશ્ન થાય - કે આ કાવ્ય ખરેખર એમણે જ લખ્યું હશે? કે આમાં યે 'શો-કેસ' જેવું જ?

રોજેરોજ જાત-જાતનાં માણસો મળે છે - ભાત-ભાતના અનુભવો થાય છે, સામે મળનારના વાણી - વર્તન - વ્યવહારનો એકબીજા સાથે સહેજ પણ મેળ